સુવિચાર

પ્રકૃતિ સાથે સંવાદ સાધવી અને તેનો આદર કરવો જીવનને સંતોષ અને શાંતિ આપે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



યુનિ. રોડ પર ઋષીકેશ પાર્કમાં પાડોશીએ કરી મહિલાની હત્યા P-4

Year-16, Issue-30 ■ DATE : 13-05-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પંજાબમાં ઝેરી શરાબના સેવનથી ૧૪ લોકોના મોત

**શરાબ સપ્લાય કરનારની ધરપકડઃ પંજાબમાં આ ઝેરી શરાબ કાંડની ત્રણ વર્ષમાં ચોથી ઘટના**



**મુખ્ય સમાચાર, અમૃતસર**

મજીઠા વિધાનસભા ક્ષેત્રનાં ત્રણ ગામો-ભંગાલી, ધરીએવાલ અને મરાડી કલાકામાં લઠ્ઠા કાંડ (ઝેરીલી શરાબ) એ મોતનું તાંડવ મચાવ્યું છે. ઝેરી શરાબ પીવાથી ૧૪ લોકોના મોત થયા છે. આ દુર્ઘટના સોમવારે મોડી રાત્રે બની હતી. જેના કારણે હડકંપ મચી ગયો છે.

મૃતકોમાં ચાર મરાડી કલા ગામનાં છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ મૃતકોની સંખ્યામાં વધારો થઈ શકે છે. કારણ કે અનેક લોકો ગંભીર છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે લોકોએ અમાન્ય ઝેરીલો શરાબ પીધો હતો. શરાબ સપ્લાય કરનારની ધરપકડ કરી લેવાઈ છે.પોલીસે શરાબ વિક્રેતાઓની તલાશ શરૂ કરી દીધી છે.

મૃતકોનાં શબને પીએમ માટે મોકલાયા છે. જેથી મોતના કારણોની પુષ્ટિ થાય. આ ઘટના બાદ રાજનીતિક દળોએ સરકાર પર નિશાન સાધ્યું છે. અને દોષિતો સામે સખ્ત કાર્યવાહી અને પીડિત પરિવારોને વળતર આપવાની માંગ કરી છે.સરકારે મામલાની ગંભીરતાને લઈને તપાસના આદેશ આપ્યા છે. ઉલ્લેખનીય છે કે, પંજાબમાં આ ઝેરી શરાબ કાંડની ત્રણ વર્ષમાં ચોથી ઘટના છે.

## મ્યાનમારમાં સેનાની શાળા પર એરસ્ટ્રાઈકઃ ૨૨ના મોત

**હુમલા વખત બાળકો શાળામાં ભણી રહ્યા હતાઃ હુમલામાં ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત**

**મુખ્ય સમાચાર, મ્યાનમાર**

મ્યાનમારમાં સેનાએ પોતાની જ શાળા પર એરસ્ટ્રાઈક કરી દીધી જેમાં ૨૦ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોના મોત થયા છે. આ હુમલો સોમવારે સવારે થયો જ્યારે બાળકો શાળામાં ભણી રહ્યા હતા. હુમલામાં ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત છે. સ્થાનિક મીડિયા અનુસાર આ શાળા લોકતંત્ર સમર્થક આંદોલન સાથે જોડાયેલી હતી. મ્યાનમારની સેનાએ આ હુમલાને લઈને કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર માંડલેથી ૧૧૫ કિમી દૂર સગાઈંગ વિસ્તારના એક ગામમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. APના અહેવાલ અનુસાર સ્થાનિકોનો દાવો છે કે ફાઈટર જેટ દ્વારા શાળા પર બોમ્બવર્ષા કરાઈ. આસપાસના ત્રણ ઘરોમાં પણ ભારે નુકસાન થયું.

નેશનલ યુનિટી ગવર્નમેન્ટના પ્રવક્તા નાએ ફોન લેટે જણાવ્યું છે કે સેના જાણીજોઈને શાળા, હોસ્પિટલ અને મઠ જેવી જગ્યાઓ પર હુમલા કરે છે. સેના દ્વારા ખોટા દાવા કરવામાં આવે છે કે અહીં બળવાખોરો છૂપાયેલા છે. પરંતુ તેમનો ધ્યેય લોકોને ડરાવીને રાખવાનો છે.

નોંધનીય છે કે મ્યાનમારની સેના પર ઘણીવાર પોતાના જ દેશના નાગરિકો પર એરસ્ટ્રાઈક કરવાનો આરોપ અગાઉ પણ લાગી ચૂક્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં પણ આ જ વિસ્તારમાં એક શાળામાં હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૭ બાળકો સહિત ૧૩ લોકોના મોત



થયા હતા. ૨૦૨૩માં એક સમારોહમાં હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૧૬૦ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૨૧માં ફેબ્રુઆરી મહિનામાં મ્યાનમારમાં સેનાએ આંગ સાન સૂની સરકારને ઉથલાવીને સત્તા છીનવી લીધી હતી. તે બાદથી જ સેના સત્તા ટકાવી રાખવા માટે બળવાખોરો વિરુદ્ધ સતત કાર્યવાહી કરે છે.

## વડાપ્રધાન મોદીએ આદમપુર એરબેઝ પર સેનાના જવાનો સાથે કરી મુલાકાત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે રાષ્ટ્રજોગ સંબોધન આપ્યા બાદ આજે પંજાબના આદમપુર એરબેઝ પહોંચ્યા છે. જ્યાં તેઓએ સેનાના જવાનોની મુલાકાત લીધી છે. આજે વહેલી સવારે વડાપ્રધાન મોદી આદમપુર એરબેઝ પહોંચ્યા હતાં. જ્યાં વાયુ સેનાના બહાદુર જવાનો સાથે વાતચીત કરી હતી. વાયુસેનાના જવાનો સાથે વડાપ્રધાન મોદી હળવાશની પળોમાં જોવા મળ્યા હતા. જવાનોએ તેમને વર્તમાન પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી. જેમાં વડાપ્રધાન મોદીની એક તસવીર વાયરલ થઈ છે. તસવીરમાં વડાપ્રધાન મોદી વાયુસેનાના વિમાનના ફોટો આગળ ઊભા છે. આ વિમાનની ઉપર એક સ્લોગન લખ્યું છે કે, દુશ્મનોના પાયલોટ કેમ આરામથી ઊંઘી શકતા નથી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આદમપુર એરબેઝની મુલાકાત લઈ પાકિસ્તાનના દાવાને પોકળ કર્યો છે. પાકિસ્તાને દાવો કર્યો હતો કે, તેણે હુમલો કરી ભારતના આદમપુર એર ડિફેન્સ યુનિટને નષ્ટ કરી છે. આ આદમપુર એરબેઝ પર આજે વડાપ્રધાન મોદીનું વીવીઆઈપી વિમાને સફળતાપૂર્વક લેન્ડિંગ કરી પાકિસ્તાનના દાવાને ખોટો પાડ્યો છે. ગઈકાલે વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને સંબોધિત કરતાં સેનાના સાહસના વખાણ કર્યા હતાં. તેમજ તેમના સન્માન માટે દેશભરમાં તિરંગાયાત્રા યોજવાની જાહેરાત કરી હતી. પહલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદૂર હાથ ધરી ૧૦૦ જેટલા આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો. જેની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની સેનાએ ભારત પર મિસાઈલ અને ડ્રોન વડે હુમલાઓ કર્યા હતાં. પરંતુ ભારતીય સેનાએ તમામ હુમલાઓને નિષ્ફળ બનાવ્યા હતાં. ડીજીએમઓએ ગઈકાલે આપેલી માહિતી અનુસાર, પાકિસ્તાન દ્વારા છોડવામાં આવેલી ચીનની મિસાઈલ પીએલ-૧૫ અને તુર્કીયેના ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતાં. તેમજ અન્ય નાના-મોટા ડ્રોન હુમલાને પણ નિષ્ફળ બનાવવામાં આવ્યા હતાં.

## કાશ્મીરના સોપિયામાં એન્કાઉન્ટરઃ ત્રણ ત્રાસવાદી ઠાર

**સુરક્ષાદળોએ સાણસા વ્યુહ ગોઠવ્યો, અનેક ત્રાસવાદી ઘેરાયા, એન્કાઉન્ટર ચાલુ**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પંજાબના આદમપુર પહોંચ્યા છે તે વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં ફરી એક વખત ત્રાસવાદ સામે જબરુ ઓપરેશન શરુ થયુ છે અને સોપિયામાં સુરક્ષાદળોએ ત્રણ આતંકીઓને ઠાર માર્યા છે અને હજુ વધુ આતંકીઓને ઘેરી લીધા છે.




ઓપરેશન સિંદુર બાદ આ સૌથી મોટુ ત્રાસવાદી ઓપરેશન હોવાનું મનાય છે. સોપિયામાં આતંકીઓ કોઈ હુમલો કરવાના પ્લાન કરી રહ્યા હોય તેવા સંકેતો વચ્ચે અચાનક જ આજે સવારથી દ.કાશ્મીરમાં સુકુર કેલર વિસ્તારમાં સુરક્ષાદળોએ ઓપરેશન શરુ કર્યુ છે.

અત્યાર સુધીમાં ત્રણ ત્રાસવાદીઓને ઠાર માર્યા છે જયારે અન્ય ત્રાસવાદીઓ સામે કાર્યવાહી ચાલુ છે. આમ હવે પાકિસ્તાનને પાઠ ભણાવ્યા બાદ કાશ્મીરમાં આંતરિક રીતે પણ સેનાએ જબરુ ઓપરેશન શરુ કર્યુ છે અને પહેલગામ હુમલા સહિતના આરોપી ત્રાસવાદીઓનો પણ પીછો કરશે તે નિશ્ચિત છે.

## કાશ્મીર - પંજાબમાં ફરી ડ્રોન દેખાતા રાજકોટ સહિત અન્ય શહેરોની ફલાઈટ એક દિવસ માટે રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગઈરાત્રે રાષ્ટ્રજોગ સંબોધન બાદ યુદ્ધવિરામ વચ્ચે પણ કાશ્મીર તથા પંજાબમાં કેટલાંક ડ્રોન જોવા મળતા અને બ્લેકઆઉટ કરાતા એર ઈન્ડીયા-ઈન્ડીગોએ રાજકોટ સહિતના શહેરોનુ ફલાઈટ ઓપરેશન આજે પણ ચાલુ નહીં કરવાનું જાહેર કર્યુ હતું.

ઈન્ડીગો એ શ્રીનગર, જમ્મુ, અમૃતસર, લેહ, ચંદીગઢ તથા રાજકોટની ફલાઈટ રદ કરી હતી. જયારે એર ઈન્ડિયાએ જમ્મુ, લેહ, જોધપુર, અમૃતસર, ભુજ, જામનગર, ચંદીગઢ તથા રાજકોટની ફલાઈટો રદ કરવાની જાહેરાત કરી હતી. ઈન્ડિગોએ આ સંદર્ભમાં ટ્રાવેલ એડવાઈઝરી પણ જારી કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે નવા વિકાસને ધ્યાનમાં રાખીને અને મુસાફરોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા, જમ્મુ, અમૃતસર, ચંદીગઢ, લેહ, શ્રીનગર અને રાજકોટ જતી અને જતી ફ્લાઈટ્સ ૧૩ મે, ૨૦૨૫ સુધી રદ કરવામાં આવી છે.

ઇન્ડિગોએ મુસાફરો પ્રત્યે માફી માંગી અને કહ્યું, અમારી ટીમો પરિસ્થિતિ પર સક્રિયપણે નજર રાખી રહી છે અને તમને તાત્કાલિક વધુ અપડેટ્સની જાણ કરશે. મુસાફરોને સૂચના આપતાં, ઈન્ડિગોએ કહ્યું કે એરપોર્ટ જતા પહેલા, વેબસાઇટ અથવા એપ પર તમારી ફ્લાઇટની સ્થિતિ તપાસો.

ઉલ્લેખનીય છે કે આ છ એરપોર્ટ એવા એરપોર્ટમાં સામેલ છે જેને ભારત અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી સંઘર્ષને ધ્યાનમાં રાખીને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા હતા. જોકે, સોમવારે સરહદો પર શાંતિ પુનઃસ્થાપિત થયા પછી, તેમને નાગરિક ફ્લાઇટ્સ માટે ફરીથી ખોલવામાં આવ્યા હતા. દરમિયાન, અમૃતસરમાં સાવચેતીના પગલાં તરીકે બ્લેકઆઉટ થયા બાદ સોમવારે સાંજે ઇન્ડિગોની એક ફ્લાઇટ નવી દિલ્હી પાછી ફરી હતી. ઈન્ડિગો પછી, એર ઈન્ડિયાએ પણ ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે નવીનતમ ઘટનાક્રમ અને તમારી સલામતીને ધ્યાનમાં રાખીને, જમ્મુ, લેહ, જોધપુર, અમૃતસર, ભૂજ, જામનગર, ચંદીગઢ અને રાજકોટ જતી અને જતી ફ્લાઇટ્સ આજે માટે રદ કરવામાં આવી છે.

વધુ માહિતી માટે, કૃપા કરીને એર ઇન્ડિયાસંપર્ક કેન્દ્રને ૦૧૧-૬૯૩૨૯૩૩૩ / ૦૧૧-૬૯૩૨૯૯૯૯ પર કોલ કરો અથવા તેમની વેબસાઇટની મુલાકાત લેવા અનુરોધ કર્યો છે.

## ગીર અભ્યારણ્યમાં વસતી ગણતરીની કાર્યવાહી પૂર્ણઃ સિંહની સંખ્યા ૯૦૦ની આસપાસ હોવાનો પ્રાથમિક અંદાજ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

એશીયાઈ સિંહો ધરાવતા એકમાત્ર ગીર અભ્યારણ્યમાં વસતી ગણતરીની કાર્યવાહી લગભગ પૂર્ણ થઈ છે.કુલ સંખ્યા ૯૦૦ ની આસપાસ હોવાનો પ્રાથમિક અંદાજ છે તેમાં મહત્વની બાબત એવી સામે આવી છે કે અભ્યારણ્ય કરતા પણ તેની બહારનાં ક્ષેત્રોમાં વધુ સિંહોનો વસવાટ છે.

ગીરના સાવજો સામ્રાજય વધારતા રહ્યા હોય તેમ અભ્યારણ્યનાં રક્ષિત વિસ્તારની બહાર પણ વસવાટ રહ્યો છે. સિંહોની કુલ સંખ્યા ૯૦૦ ને આંબી ગયાનો પ્રાથમિક અંદાજ છે. જે ૨૦૨૦ માં ૬૭૪ ની હતી. વન વિભાગનાં સુત્રોએ જણાવ્યું છે કે ૨૦૨૦ ની વસ્તી ગણતરીમાં સંરક્ષિત વિસ્તારમાં ૩૮૦ તથા બહારનાં ક્ષેત્રોમાં ૨૯૪ સિંહ માલુમ પડયા હતા પરંતુ આ વખત ચિત્ર અલગ છે. આ વખતે સંરક્ષિત



અભ્યારણ્યમાં અંદાજીત ૪૨૫ સિંહ છે. ગીત, મિતાયાળા, ગીરનાર, તથા પતિયા અભ્યારણ્યમાં વસવાટની પૂર્ણ ક્ષમતાએ વસતી છે. પ્રાથમીક સંકેતો મુજબ સંરક્ષીત અભ્યારણ્યની બહારનાં ક્ષેત્રોમાં ૪૪૦ થી ૪૭૦ સિંહોનો વસવાય છે.

વસતી ગણતરીનાં પ્રાથમિક સંકેતો અનુસાર સૌરાષ્ટ્રનાં ગ્રેટર ગીર રીજીયનમાં સિંહોની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો છે જે ઘણો મોટો ગણી શકાય. નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ૨૦૨૦ માં પણ અભ્યારણ્યની બહારના ક્ષેત્રોમાં સિંહોની સંખ્યામાં સારો એવો વધારો હતો.

વન વિભાગનાં સીનીયર અધિકારીએ કહ્યું કે અમરેલીનાં બાબાપુર, ચકકરગઢ તથા માંગવપાલમાં સિંહોનો વસવાટ પેટર્નમાં પણ મોટો બદલાવ છે. અત્યાર સુધી માત્ર કયારેક જ આંટો મારતા તેના બદલે હવે કાયમીરહેણાંક બનાવી લીધા છે.રાજુલા, જાફરાબાદ તથા ગીર સોમનાથમાં પણ વસવાટ છે.

અમરેલી જીલ્લામાં ઔદ્યોગીકકરણ મર્યાદિત છે એટલે સાવજોને રહેણાંક માટે સાનુકળ છે. ઉપરાંત સ્થાનિક લોકો પણ ગૌરવ ગણે છે.હવે બોટાદ ઉપરાંત સુરેન્દ્રનગરમાં અમુક ભાગ તથા અમદાવાદના ધંધુકા તરફ પણ મુવમેન્ટ જોવા મળી છે.



# જામનગર LCBનો લાલપુરના મોટા લખિયા ગામના રહેણાક મકાનમાં ચાલતા જુગારધામ પર દરોડો, બે મહિલા સહિત ૮ જુગારીઓ પકડાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ બાતમીના આધારે લાલપુર તાલુકાના મોટા લખીયા ગામમાં રહેતા એક ખેડૂત શખ્સના રહેણાક મકાન પર જુગાર અંગે દરોડો પાડયો હતો, અને જામનગર ખંભાળિયા,સલાયા અને લાલપુર પંથકમાંથી જુગાર રમવા માટે આવેલા બે મહિલા સહિતના આઠ સ્ત્રી પુરુષોની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.આ દરોડાની વિગત એવી છે કે લાલપુર તાલુકાના મોટા લખિયા ગામમાં રહેતો અને ખેતી કામ કરતો ગંભીરસિંહ કરણસિંહ જાડેજા નામનો ખેડૂત, કે જે પોતાના મકાનમાં જુગારધામ ચલાવી રહ્યો છે, અને તેના.ઘરમાં.જામનગર-લાલપુર-ખંભાળિયા- દ્વારકા સહિતના પતાપ્રેમીઓ જુગાર રમવા માટે આવે છે, જેમાં સ્ત્રીઓ પણ સામેલ છે, જે ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડ્યો હતો.જે દરોડા દરમિયાન મકાન માલિક સહિત ૮ સ્ત્રી પુરુષો જુગાર રમતાં મળી આવ્યા હતા. આથી એલસીબીની ટુકડીએ મકાન માલિક ગંભીરસિંહ કરણસિંહ જાડેજા, ઉપરાંત જામનગર નજીક સિક્કા પાટીયા પાસે રહેતી સગુણાબેન પ્રવીણભાઈ ખાડેખા (ઉંમર વર્ષ ૪૫), તેમજ જામનગરમાં ગોકુલધામ સોસાયટીમાં રહેતી મીનાબા ધીરુભા ચુડાસમા (૩૭), ઉપરાંત ખંભાળિયાના વતની બસીર અબ્બાસ ભાઈ વાઘેર, સલાયાના વતની આબિદ ઈકબાલભાઈ બારૈયા, ખંભાળિયાના રહેવાસી અમૂલ વસંતભાઈ પંચમતીયા, નાના આંબલા ગામના રહેવાસી મામદ આદમભાઈ સંધિ, તેમજ સલાયામાં રહેતા ઈકબાલ સીદિકભાઈ બારૈયા વગેરેની અટકાયત કરી લીધી છે.પોલીસે બનાવના સ્થળેથી રૂપિયા ૫૩,૭૪૦ ની રોકડ રકમ, રૂપિયા ૧૭,૦૦૦ની કિંમતમાં સાત નંગ મોબાઈલ ફોન તેમજ બે મોટર સાયકલ સહિત રૂપિયા ૧,૭૦,૭૦૦ ની માલમતા કબજે કરી છે.

# મોરબીમાં ABVP દ્વારા "વિદ્યાર્થી સહાયતા કેન્દ્ર" ની શરૂઆત

## GCAS પોર્ટલ પર એડમિશન માટે ફ્રી રજિસ્ટ્રેશન સહાયતા, ૧૩ મે થી શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા GCAS પોર્ટલ પર એડમિશન માટે જરૂરી રજિસ્ટ્રેશનની સહાય માટે "વિદ્યાર્થી સહાયતા કેન્દ્ર" શરૂ કરવામાં આવશે. ૧૩ મે થી શરૂ થનારું આ હેલ્પ ડેસ્ક મોરબીના સંઘ કાર્યાલય ચિત્રકૂટ સોસાયટી ખાતે ચાલુ થશે, જ્યાં વિદ્યાર્થીઓને કોઈ પણ વધારાના ચાર્જ વિના ફ્રી રજિસ્ટ્રેશન કરી આપવામાં આવશે.

મોરબીના વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સુલભતા અને મદદરૂપ થવાના હેતુથી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મોરબી દ્વારા "વિદ્યાર્થી સહાયતા કેન્દ્ર" નું આયોજન કરવામાં આવ્યું છે. આ હેલ્પ ડેસ્ક GCAS પોર્ટલ પર કોલેજ એડમિશન માટે જરૂરી ફોર્મ ભરવામાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને ફ્રી ઓફ કોસ્ટ રજિસ્ટ્રેશનની સેવાઓ પ્રક્રિયા કરી આપવામાં આવશે. આ માટે સ્થળ સંઘ કાર્યાલય કેશવ કુંજ ચિત્રકુટ સોસાયટી જીઆઇડીસી પાસે મોરબી સમય સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન વિદ્યાર્થીઓએ હાજર રહેવું, વધુ માહિતી માટે મોબાઇલ નંબર ૭૮૬૨૮ ૪૨૦૨૮, ૯૩૭૧૩ ૨૦૦૦૨ તથા ૯૫૧૦૭ ૬૧૪૦૦ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# જામનગર ૧૮૧ અભયમ ટીમે બાળ લગ્ન અટકાવ્યા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ૧૮૧ની ટીમ તથા જીલ્લા બાળ સુરક્ષા અધિકારી, પોલીસ સહિતની ટુકડીઓ દ્વારા મળેલ હકીકતના આધારે આ દિશામાં કાર્યવાહી હાથ ધરીને બાળ લગ્ન અટકાવ્યા હતા અને કાઉનસેલીંગ કરવામાં આવ્યુ હતું.

એક જાગ્રુત નાગરિક દ્વારા ૧૮૧ મા કોલ કરી ને જણાવેલ કે જામનગર શહેર માંથી એક કિશોરીના બાળ લગ્ન થઈ રહ્યા છે જેની ઉમર ૧૫ વર્ષની જ હોય જેથી જામનગર ૧૮૧ ટિમ ને જાણ થતા ૧૮૧ અભયમ ટીમ ના કાઉન્સેલર વૈભવી સ્વામી ,મહીલા પોલીસ તારાબેન તથા પાઈલોટ સુરજીત સિંહ ઘટના સ્થળ પર પહોચ્યા હતા અને કિશોરી નુ કાઉન્સેલિંગ કરીને કિશોરી ના ઉમર દસ્તાવેજ તથા કંકોત્રી તપાસ કરતા જાણવા મળ્યું કે કિશોરીની ઉમર ૧૮ વર્ષ કરતા ઓછી હોય તેથી કિશોરી ના પિતા ને જણાવેલ કે બાળ લગ્ન એ કાયદાકિય ગુનો બને છે.તેમજ કિશોરીની ઉમર પુખ્તવયની કાયદાની રિતે માન્ય ન થાય ત્યા સુધી લગ્ન ના કરાવવા જોઈએ તે માટે સમજાવેલ બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અંગે કિશોરી ના પિતા ને માહિતગાર કરેલ તેમજ કિશોરીનુ કાઉન્સેલિગ કરતા જણાયુ કે કિશોરીની મરજી વિરુધ્ધ આ લગ્ન થતા હોય જેથી તેના માતા - પિતા ને સમજાવેલ છે.૧૮૧ જામનગર અભયમ દ્વારા જિલ્લા બાળ સુરક્ષા એકમ અને નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરતા સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ બરબચીયા સર તેમજ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર. જે. શિયાર અને જસ્મીનભાઈ કરંગીયા સહિતના સ્થળ પર પહોંચી ગયા હતા ૧૮૧અભયમ ટીમ દ્વારા ઉપરોક્ત બધી સરકારી સંસ્થા સાથે મળી બાળ લગ્ન અટકાવેલ હોય અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# મોરબીના રામધન આશ્રમ ખાતે ઉમિયા માતાજીનો ૨૧મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રામધન આશ્રમ ખાતે ઉમિયા માતાજીનો ૨૧મો પાટોત્સવ મહંતશ્રી ભાવેશ્વરીમાં અને મહામંડલેશ્વર રત્નેશ્વરી દેવીના સાનિધ્યમાં ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો. યજ્ઞ, મહા આરતી, મહાપ્રસાદ તેમજ કાલીકાનગર ખાતે બટુક ભોજન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

મોરબીના રામધન આશ્રમ ખાતે ઉમિયા માતાજીનો ૨૧મો પાટોત્સવ ભક્તિભાવ અને ધામધૂમ સાથે ઉજવાયો હતો. આ પાવન પ્રસંગે આશ્રમના મહંતશ્રી ભાવેશ્વરીમાં તથા મહામંડલેશ્વર રત્નેશ્વરી દેવીના પાવન સાનિધ્યમાં ભવ્ય ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે યજ્ઞ વિધિ યોજાઈ હતી અને ત્યાર-બાદ માતાજીની મહાઆરતી કરવામાં આવી. આ સાથે ભક્તજનો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. સાથે સાથે કાલીકાનગર વિસ્તારમાં બાળકોએ આનંદપૂર્વક બટુક ભોજનનો લાભ લીધો હતો.

આ પાવન પ્રસંગને સફળ બનાવવામાં અનેક ભક્તજનો અને સંચાલકોનો સહયોગ રહ્યો. ચુનીભાઈ કાવર, ત્રિભોવનભાઈ ભાલોડીયા, ઓડીયા સાહેબ, ઠાકરશીભાઈ પાંચોટિયા, ભુદરભાઈ દેત્રોજા, અશ્વિનભાઈ દેત્રોજા, નરશીભાઈ શેરસિયા, રમેશભાઈ શેરસિયા, જગદીશભાઈ ખાવડીયા, કેતનભાઈ બોપલીયા, જયંતિભાઈ શેરસિયા, કેશુભાઈ દલસાડીયા, દેવકણભાઈ મોરડીયા, મહાદેવભાઈ ચિખલીયા, દિલીપભાઈ, રાજુભાઈ વગેરે ભક્તિભાવથી જોડાયા હતા. આ ઉપરાંત આશ્રમના સેવક બહેનો અને ભાઈઓએ પણ અભૂતપૂર્વ જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવ સાથે પૂર્ણ કર્યો હતો.

# મોરબીમાં જુના આરટીઓ પાસેથી ચોરાયેલ બાઈકનો ભેદ ઉકેલાયો, બે ચોરાઉ મોટર સાયકલ સાથે એક પકડાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે શ્રધ્ધા પાર્ક સોસાયટી નજીકથી ચોરાઉ બે મોટર સાયકલ સાથે એક ઇસમને ઝડપી લીધેલ હતો, આ સાથે પોલીસે જૂની આરટીઓ કચેરી નજીક ચોરાયેલ બાઇક ચોરીનો ભેદ ઉકેલી આરોપી વાહન ચોર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એન.એ.વસાવાના સુપરવિઝન હેઠળ સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન મોરબી શ્રધ્ધાપાર્ક પાસે અમરેલી રોડ પર એક શંકાસ્પદ ઇસમ બે અલગ અલગ કંપનીના મોટર સાઇકલ સાથે જોવામા આવતા જે બંન્ને મોટર સાઇકલ નંબર પ્લેટ વગરના હોય જે બંન્ને મોટર સાઇકલના કાગળો માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવતા, તુરંત પોકેટ કોપ મોબાઇલ એપ્લીકેશનમા બંન્ને મોટર સાયકલના એન્જીન ચેચીસ નંબર સર્ચ કરી જોતા જે પૈકી હિરો કંપનીનુ સ્પ્લેન્ડર મોટર સાઇકલ સુજ્ઞેશ ચંદુલાલ પાટડીયા રહે.રાધેશ્યામ શેરી નાની બજાર મોરબીવાળાના નામનુ બતાવતુ હોય તેમજ સુઝુકી કંપનીનુ એકસેસ મોપેડ સુનીતા છગ્નનાથ બીંડ રહે. ૧૭ અટલજીનગર પાંચાપીર પાસે કતારગામ સુરત વાળાના નામનું બતાવતુ હોય, જેથી હાજર આરોપી અલ્લાઉદીન સમસીરભાઇ સંધવાણી ઉવ.૨૭ રહે.જોસનગર શેરી નં.૧૦ મોરબી મુળ રહે. માલાણી શેરી માળીયા(મી) ગામ વાળાની યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા ઉપરોક્ત મોટર સાયકલ જુના આર.ટી.ઓ. કચેરી રાજકોટ કંડલા બાયપાસ મોરબી ખાતેથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ હોય. આ સાથે બી ડિવિઝન પોલીસે બન્ને મોટરસાયકલ કબ્જે લઈ આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# રાજકોટ જિલ્લા પંચાયતમાં આવતા પખવાડિએ સમિતિઓની બેઠકો: જુન પ્રારંભે સામાન્ય સભા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા પંચાયતમાં વધુ એક વખત ચુંટાયેલી પાંખને લાગુ પડતી બેઠકોનો દોર આવી રહયો છે. સામાન્ય ચુંટણી આડે હવે ૮ મહિના બાકી રહયા છે ત્યારે શાસક પાંખ લોકોને ઉડીને આંખે વળગે તેવા કાર્યો કરવા માંગે છે. ચોમાસુ પણ એકદમ નજીક છે. પંચાયતની વિવિધ સમિતિઓની બેઠક તા. ૨૦ થી ૩૧ મે વચ્ચે યોજવાનું શાસક પાંખે પ્રાથમિક રીતે નકકી કર્યુ છે. પ્રશ્નોતરી સાથેની સામાન્ય સભા જુનના પ્રારંભે મળે તેવા સંજોગો છે. ચુંટણીની આચારસંહિતા પહેલા હવે બે થી ત્રણ સામાન્ય સભા મળશે સામાન્ય સભા સામાન્ય રીતે દર ૩ મહિને મળે છે. છેલ્લી સામાન્ય સભા માર્ચમાં બજેટ માટે મળી હતી. જિલ્લા પંચાયતમાં કારોબારી, આરોગ્ય, સિંચાઇ, મહિલા બાળ કલ્યાણ, બાંધકામ વગેરે સમિતિઓ કાર્યરત છે. પહેલા અન્ય સમિતિઓની બેઠક મળે પછી કારોબારી સમિતિ અને ત્યારબાદ સામાન્ય સભા મળે તેવી પ્રણાલિકા છે. સામાન્ય સભામાં વિકાસકાર્યોની ચર્ચા થશે ઉપરાંત ચોમાસાને અનુલક્ષીને સંભવિત પરિસ્થિતીને પહોંચી વળવાના આયોજનનો મુદો આવરી લેવામાં આવશે. પંચાયત પ્રમુખ શ્રીમતિ પ્રવીણાબેન રંગાણી જુનના પહેલા કે બીજા અઠવાડિયામાં સામાન્ય સભા બોલાવે તેવી શકયતા છે.

# મોરબી જાંબુડીયા ગામ નજીક ઓવરબ્રિજ ઉપર અકસ્માતની દુર્ઘટનામાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરનું મોત



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મકનસર પોલીસ હેડ ક્વાટર્સ ખાતે ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેક્ટર ભગવાનજી રવાજી જાડેજાનું ટ્રકની અડફેટે આવતા ઘટનાસ્થળે જ દુ:ખદ અવસાન થયું હતું. ટ્રક ચાલકે ગફલતભરી અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી જાંબુડીયા ગામ નજીક ઓવરબ્રિઝ ઉપર એક્ટીવા મોપેડને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ અંગે મૃતકના પુત્ર દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અકસ્માતના બનાવ અંગે પ્રાપ્ત માહિતી મુજબ,મોરબી જીલ્લા પોલીસ હેડ ક્વાટર્સમાં પીએસઆઇ તરીકે ફરજ બજાવતા ભગવાનજી રવાજી જાડેજા ગઈકાલ તા. ૧૨ મે ૨૦૨૫ના રોજ તેમની ફરજ પૂર્ણ કરીને પોતાના સ્કૂટર એક્ટીવા જીજે-૦૧-પીએ-૭૧૬૭ ઉપર ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે રાત્રીના ૮ વાગ્યા આસપાસ જાંબુડીયા ઓવરબ્રિજ ઉપરથી પસાર થઇ રહ્યા હતા, તે સમયે ટ્રક કન્ટેનર આરજે-૦૭-જીડી-૧૨૧૫ના ચાલકે બેદરકારીપૂર્વક ટ્રક ચલાવતાં તેમના મોપેડમાં પાછળથી ભટકાડી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં ભગવાનજી જાડેજાને માથા તથા છાતીના ભાગે ગંભીર ઇજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક સ્થળ ઉપરથી નાસી ગયો હતો, ત્યારે આ અંગે તેમના પુત્ર મીતરાજસિંહ ભગવાનજી જાડેજા ઉવ.૨૧ રહે. તાલુકા પોલીસ લાઇન ક્વાટર્સ મોરબી મુળરહે. મોટા રેહા કચ્છ ભુજ દ્વારા આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મહાનગરપાલિકા તરફથી જર્જરિત મિલકતો બાબતે માલિકોને તાત્કાલિક પગલાં લેવા અપીલ કમ ચેતવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર નોટિસ દ્વારા જણાવાયું છે કે આગામી વરસાદી ઋતુને ધ્યાને લઇ શહેરની અંદર આવેલી તમામ જર્જરિત મિલકતોના માલિકો કે કબજેદારોએ પોતપોતાની મિલકત તાત્કાલિક ઉતારી લેવી કે સુરક્ષિત કરવી જરૂરી છે. જો કોઈ નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી માલિક/કબજેદારની રહેશે.

ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૨૬૪ હેઠળ મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેર હદ વિસ્તારમાં આવેલી જર્જરિત મિલકતો અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે જાહેર નોટિસ જાહેર કરવામાં આવી છે. આ જાહેર નોટિસમાં જણાવાયું છે કે અતિભારે વરસાદ દરમિયાન કોઇ જર્જરિત મિલકત તૂટી પડે તો તેનાથી જાનમાલના નુકસાન કે જાનહાની થવાની શક્યતા રહે છે. તેથી જર્જરિત મિલકતોના માલિકો કે કબજેદારોએ સમયસર સતર્કતા દાખવી અને પોતાની મિલકત તાત્કાલિક ઉતારી લેવી કે જરૂર મુજબની પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવી. મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે જો કોઈ આવી મિલકત ધરાશાઈ થાય અને તેને કારણે જાનમાલનું નુકસાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત મિલકત માલિક/કબજેદારની રહેશે.

અત્રે નોંધનીય છે કે જે મિલકતમાં સરકારી દાવા ચાલતા હોય, તેવા કિસ્સામાં કાયદાની જોગવાઈને આધિન અમલવારી કરવાની રહેશે તેમ મોરબી મહાપાલિકા સીટી ઇજનેરની યાદીમાં જણાવાયું છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા આગામી ૧૫ મેના રોજ નગર દરવાજાથી ગ્રીનચોક સુધી સફાઈ ઝુંબેશ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા ૧૫ મે ૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે "શ્રમદાન ફોર મોરબી" કાર્યક્રમ અંતર્ગત નગર દરવાજા ચોકથી ગ્રીનચોક સુધી વિશેષ સફાઈ ઝુંબેશ યોજવામાં આવશે. નગરજનો તથા સામાજિક અને ધાર્મિક સંસ્થાઓને આ ઝુંબેશમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

મોરબી શહેરની સ્વચ્છતા અને જનજાગૃતિ વધારવાના હેતુથી મોરબી મહાનગરપાલિકા સતત કાર્યરત છે, તેના ભાગરૂપે "શ્રમદાન ફોર મોરબી" અભિયાન હેઠળ આગમી ૧૫મી મે, ૨૦૨૫ના સવારે ૧૦૦૦ વાગ્યે નગર દરવાજા ચોકથી ગ્રીનચોક સુધી વિશેષ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઝુંબેશ દરમિયાન રસ્તાઓ, જાહેર સ્થળો અને આસપાસના વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે. આ તકે મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરની સામાજિક, ધાર્મિક તથા બિન-સહકારી સંસ્થાઓ અને નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ આ સફાઈ ઝુંબેશમાં સક્રિય રીતે ભાગ લઈને મોરબીને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા યોગદાન આપે તેમ યાદીમાં જણાવાયું છે.

# માળીયા(મી)માં કપડાની ખરીદીના બાકી રૂપિયા માંગતા મિત્રએ મિત્રને છરીના ઘા ઝીંક્યા



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) ગામમાં મિત્રએ જ મિત્રને છરીના ઘા મારી ઇજાઓ પહોંચાડ્યા હોવાનો બનાવ સામે આવ્યો છે, જેમાં મિત્ર માટે કપડાંની ખરીદી કરી હોય તેના રૂપિયા થોડા આપ્યા હોય, જ્યારે શેષ રહેલા રૂપિયા બે માસ પૂર્ણ થયા તો પણ આપેલ ન હોય ત્યારે તે રૂપિયાની ઉઘરાણી કરતા જે બાબતે સારું ન લાગતા, મિત્રએ જ મિત્રને છરીના ઘા મારી ગળાના ભાગે તેમજ હાથમાં ઇજાઓ પહોંચાડી હતી, હાલ ભોગ બનનાર દ્વારા માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, માલિતા(મી)માં જુના રેલ્વે સ્ટેશન નજીક વાડા વિસ્તારમાં રહેતા અલાયાભાઈ કરીમભાઈ ભટ્ટીએ આરોપી સમીર હુશેનભાઈ જેડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા. ૦૯/૦૫ના રોજ અલાયાભાઈ રાત્રીના ઘરથી નજીક આવેલ દુકાને પાન-માવો ખાવા ગયા હોય ત્યારે રસ્તામાં તેમનો મિત્ર આરોપી સમીર મળતા તેની પાસે અગાઉ કપડાંની ખરીદી કર્યાના બાકી રહેલા રૂપિયાની માંગણી કરતા, આરોપી સમીરે સવારે આપું દેવાનું કહ્યું હતું, જેથી અલાયાભાઈએ કહ્યું કે બે મહિના થયા હજી બાકી રૂપિયા નથી આપતો તેમ કહેતા આરોપી સમીરને સારું નહિ લાગતા, બન્ને વચ્ચે બોલાચાલી સરુ થઈ હોય જેથી અન્ય મિત્રએ વચ્ચે પડી બન્નેને છોડાવ્યા હતા, તે દરમિયાન આરોપીએ પોતાના પાસે રહેલ છરી કાઢી, અલાયાભાઈને ગળાના ભાગે અને હાથમાં મારી દેતા ઇજાઓ પહોચી હતી, હાલ માળીયા(મી) પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ સામે મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી

## કુલ ૧૦૬ આસામી સામે કાર્યવાહી કરીને રૂ.૪૧,૯૦૦નો દંડ વસૂલાયો




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ તા. ૦૬/૦૫ થી ૧૧/૦૫ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ સામે કાર્યવાહી હાથ ધરી છે. મહાનગરપાલિકાની ટીમ દ્વારા આ સમયગાળામાં કુલ ૧૦૬ આસામી સામે દંડની કાર્યવાહી કરવામાં આવી હતી.

શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ૭૧ આસામી સામે રૂ. ૩૨,૩૦૦/- નો દંડ વસુલવામાં આવ્યો હતો. ઉપરાંત ગંદકી કરતા ૨૬ આસામી પાસેથી રૂ. ૭,૫૦૦/-, જાહેરમાં કચરો સળગાવતા ૩ આસામી પાસેથી રૂ. ૧,૬૦૦/-, જાહેરમાં થૂંકનાર ૪ આસામી પાસેથી રૂ. ૪૦૦/- તથા ખુલ્લામાં મુત્રવિસર્જન કરતાં ૧ આસામી પાસેથી રૂ. ૧૦૦/- નો દંડ વસૂલાયો હતો. મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે શહેરની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે કડક પગલાં લેવામાં આવશે. તેમજ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ નિયમોનું પાલન કરે અને સ્વચ્છ મોરબી માટે સહકાર આપે.

# સમાચાર સંક્ષીપતમાં

## મોરબીના શકત શનાળામાં કરીયાણાની દુકાનમાંથી વિદેશી દારૂની ૬૫ બોટલ સાથે દુકાન-માલીકની અટક,સપ્લાયરની શોધખોળ

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે શકત શનાળા ગામે ઉમિયા સોસાયટીમાં આવેલ કનૈયા પાન એન્ડ કિરાણા સ્ટોર નામની દુકાનમાં રેઇડ કરી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની ૬૫ બોટલ કિ.રૂ.૪૮,૮૧૪/- સાથે આરોપી દુકાન-માલીક કિશોરભાઈ ઉર્ફે કાંતિભાઈ હરજીભાઈ પનારા ઉવ.૪૮ રહે.શકત શનાળા ઉમિયા સોસાયટી પાટીદાર હિલ્સ બ્લોક નં.૧૦૧ મૂળ રહે. કોયલી તા.ટંકારા વાળાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે પકડાયેલ આરોપીની સઘન પૂછ્પરછમાં આ દારૂનો જથ્થો મોરબી પંચાસર રોડ ભારતપરામાં રહેતો જુનેદ ઉર્ફે લાલો મહેબૂબભાઈ માયક આપી ગયો હોવાની કબૂલાત આપતા, પોલીસે તે આરોપીને ફરાર જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે. હાલ સીટી એ ડિવિઝન પોલીસે દારૂનો જથ્થો કબ્જે લઈ બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

## મોરબીના વજેપર વિસ્તારમાંથી વિદેશી દારૂની ૬ બાટલી સાથે એક યુવકની ધરપકડ,દારૂ આપનારનું નામ ખુલ્યું

મોરબીના વજેપર વિસ્તારમાં એ ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વજેપર શેરી નં. ૧૯ના નાકે એક ઈસમ થેલો લઈને શંકાસ્પદ હાલતમાં ઉભો હોય જેથી તેને રોકી તેની પાસે રહેલા થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જની ૬ બોટલ મળી આવી હતી. જેથી તુરંત આરોપી મનોજભાઈ ઉર્ફે દેવો જગદીશભાઈ પરમાર ઉવ.૨૫ રહે. મોરબી વજેપર શેરી નં.૧૯ વાળાની સ્થળ ઉપરથી કિ.રૂ.૪,૧૭૬/-ના વિદેશી દારૂના જથ્થા સાથે ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે વિદેશી દારૂનો જથ્થો મોરબીના પરષોત્તમ ચોક ખાતે રહેતા બ્રિજરાજસિંહ જગતસિંહ જાડેજા પાસેથી લીધો હોવાની કબૂલાત આપતા તે આરોપીને વોન્ટેડ જાહેર કરી બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## મોરબીના ઈન્દિરાનગર જવાના રસ્તેથી ઈંગ્લીશ દારૂની બોટલ સાથે એક શખ્સની અટક

મોરબી-૨ માળીયા ફાટકથઈ ઈન્દિરાનગર જવાના રસ્તેથી શંકાસ્પદ જણાઈ આવતા એક શખ્સને રોકી બી ડિવિઝન પોલીસે તેની તલાસી લેતા તેના પાસેથી ઈંગ્લીશ દારૂની મેકડોવેલ્સ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૧,૧૦૦/- સાથે આરોપી મુસ્તાક ઉર્ફે મુસા ઓસમાણભાઈ મુલ્લા ઉવ.૨૫ રહે.મોરબી વીસીપરા કુલીનગર વાળાની અટક કરી છે, જ્યારે દારૂ આપનાર મોરબીના વીસીપરામાં રહેતો આરોપી ઈમરાન મોવરનું નામ ખુલવા પામ્યું હતું. ત્યારે પોલીસે બન્ને આરોપીની સામે ગુનો નોંધ્યો છે., જ્યારે હાજર નહિ મળી આવેલ આરોપીને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## હળવદ ખોડ ગામે પાણી ભરવાની ના પાડવા બાબતે ચાર ભાઈઓએ યુવકને લાકડી વડે માથામાં ઈજા કરી

હળવદ તાલુકાના ખોડ ગામે ઘરે પાણી ભરવા નહિ આવવાનું મહિલાને કહેતા જે બાબતે ગામમાં જ રહેતા ચાર ભાઈઓએ ઘરમાં ઘુસી અપશબ્દો આપી, લાકડી વડે માથાના ભાગે ઇજા પહોચાડી હતી, આ સાથે જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગે ચારેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. હળવદ તાલુકાના ખોડ ગામના રાજેશભાઈ કરશનભાઈ મારૂ ઉવ. ૨૪એ પોલીસ ફરિયાદ નોંધાવતાં જણાવ્યું કે તેમના ભાઈ ભરતભાઈએ આરોપી ધારાભાઈની પત્નીને તેના ઘેર પાણી ભરવા માટે ના પાડી હતી. આ બાબતને કારણે આરોપીઓ ભૂરાભાઈ માંડણભાઈ રબારી, ભરતભાઈ માંડણભાઈ રબારી, સગરામભાઈ માંડણભાઈ રબારી અને ધારાભાઈ માંડણભાઈ રબારી લાકડી સાથે ફરિયાદીના ઘેર આવ્યા હતા. આરોપીઓએ ગાળો બોલતા હોય જેથી તેઓને પડોશીઓ દ્વારા સમજાવવા જતા ચારેય આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને તે દરમિયાન રાજેશભાઈને માથામાં એક લાકડી મારી ઈજા પહોચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, ત્યારે ઇજાગ્રસ્તને હોસ્પિટલ સારવારમાં લાવતા, જ્યાંથી રાજેશભાઈએ ચારેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# આજીવન સજા પામેલ નામચીન ભરત કુગશીયાનો જામીન પર છુટકારો

**સેશન્સ અદાલત ધ્વારા અલગ અલગ બે કેસોમાં આજીવન કેદની સજા આપવામાં આવેલી હતી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌપ્રથમ તા.૨૫/૪/૨૦૧૩ ના રોજ કલ્પેશભાઈ વિરજીભાઈ કાકડીયા ધ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ કે તેઓ તા.૨૫/૪/૨૦૧૩ ના રોજ સવારે ૧૨-૩૦ વાગ્યે તેઓના ઘરેથી નીકળી મુરલીધર ડેલા પર આવેલ અને ધંધો ચાલુ કરેલ હતો ત્યારબાદ બપોરના આરામ કરવા ડેલમાં હતા ત્યારે ૨ વાગ્યાની આસપાસ હાથમાં હથીયારો સાથે આવેલ જેમાં તલવાર હતી તે માણસ ૩૫ નો હતો તેમજ બે માણસો પાસે લાકડાના ધોકા તેમજ એકની પાસે પાઈપ હતો આ ચારેય વ્યકિતઓએ કાંઈ કહ્યા વગર ફરીયાદીને માર મારવા લાગેલ અને તલવારવાળા ભાઈએ ડાબા પગમાં તેમજ જમણા પગે ઢીચણના નીચે નળાના ભાગે માર મારેલ તેમજ બીજા ઈસમોએ લાકડી અને પાઈપ વડે માર મારેલ હતો આ વખતે આ લોકોની સાથે બીજા બે માણસો આવેલ જેમાં તેઓએ જોયેલ કે ભાવેશ રઘુભાઈ કુગશીયા તથા ભરત રઘુભાઈ કુગશીયા હતા અને તેઓએ ઉપરોક્ત લોકોને મારો મારો કહેલ હતું. ત્યાર-બાદ તેઓનું વિશેષ નીવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ કહેલ કે ભરતએ તલવાર માર મારેલ તથા ભાવેશએ લાકડાના ધોકા વડે માર મારેલ હતો. જે અનુસંધાને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ધ્વારા આઈ.પી.સી. કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૫, ૩૨૩, ૪૪૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુન્હો નોંધેલ ત્યારબાદ સદરહું ગુન્હા અનુસંધાને આઈ.પી.સી. કલમ ૩૦૭ નો ઉમેરો કરેલ હતો. જેમાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ધ્વારા , જગદીશ દેવાયતભાઈ કુગશીયા , મહાવીરસિંહ ઉર્ફે લાલો ચંદુભા જાડેજા ,જેન્તીભાઈ વાઘજીભાઈ જંજવાડીયા ,ભરત રઘુભાઈ કુગશીયા ,ભાવેશ રઘુભાઈ કુગશીયા ,ધર્મેશ બકુલભાઈ જીંજુવાડીયા વિગેરેની ધરપકડ કરેલી હતી.

ત્યારબાદ સદરહું ગુન્હામાં ચાર્જશીટ થતા કેસ ચાલી જતા નામદાર સેશન્સ અદાલત ધ્વારા ભરત રઘુભાઈ કુગશીયા તથા ભાવેશ રઘુભાઈ કુગશીયાને ઉપરોક્ત કલમો અન્વયે આજીવન કેદની સજા તથા દંડ કરવામાં આવેલ હતો.

તેમજ ફરીયાદીને થયેલ ઈજાઓ મૃત્યુ નીપજાવવા માટે પુરતી ન હતી તેમજ કોઈપણ વ્યકિતને ગેરકાયદેસર મંડળીમાં સજા કરવા માટે ૫ તથા વધુ વ્યકિત હોવી જરૂરી છે જયારે હાલના કેસમાં ૨ વ્યકિતઓને સજા કરવામાં આવેલ છે. જેથી ગેરકાયદેસર મંડળીના કોઈ જ તત્વો ફલીત થતા નથી તેમજ ટ્રાયલ કોર્ટ ધ્વારા અન્ય આરોપીને જયારે શંકાનો લાભ આપીને છોડી મુકવામાં આવેલ હોય ત્યારે હાલના આરોપીઓ ધ્વારા સજા કરવામાં આવેલ હોય તેવું કહી શકાય નહી તેમજ ફરીયાદીને એવી ગંભીર ઈજાઓ થયેલ નથી કે જેનાથી તેનું મૃત્યુ નીપજે તેમજ આરોપી ભાવેશ કુગશીયાએ કોઈ હથીયાર વડે માર મારેલ હોય તેવું કયાંય જણાય આવતું નથી.ત્યારબાદ બીજી ફરીયાદ પ્રવિણભાઈ છગનભાઈ લુણાગરીયાએ તા.૧૧/૧૧/૧૩ ના રોજ એવી ફરીયાદ નોંધાવેલી કે તેઓ પોતાના મોટરસાઈકલ લઈ ઘરેથી ૮-૩૦ વાગ્યે વાડીએ જવા નીકળેલ ત્યારે સાધુવાસવાણી કુંજ રોડ પર પહોંચતા સ્કોપીયો ગાડી આવેલ અને તેમાં ભરત રઘુભાઈ કુગશીયાનાઓ સદરહું ગાડી ચલાવતા હતા તેના મોટરસાઈકલમાં પાછળથી ઠોકર મારી પછાડી દીધેલ ત્યારબાદ ગાડી માંથી નીચે ઉતરી બીજા ૭ માણસો આવેલ જેમાં ભરતના હાથમાં તલવાર અને તેના માસીના દીકરા ગંભીરના હાથમાં ધારીયું તેમજ અન્ય લોકોના હાથમાં લોખંડના પાઈપ હતા જે દરમ્યાન તેઓ ભાગવા જતા બધાયે ભેગા મળી હુમલો કરેલ જેમાં ભરતભાઈએ જમણા હાથે તલવાર મારી ઈજા કરેલ, ગંભીરભાઈએ પગમાં ધારીયું મારેલ અને બીજા માણસોએ હાથમાં તથા પગમાં પાઈપ મારી ગંભીર ઈજાઓ કરેલી હતી ત્યારબાદ ફરીયાદી ધ્વારા તેઓના દીકરાને ફોન કરી બોલાવતા તેનો દીકરો તથા મીત્ર બંને બનાવવાળી જગ્યાએ આવી જતા ફરીયાદીને હોસ્પીટલ લઈ ગયેલ અને જયાં તેઓ ધ્વારા ફરીયાદ આપવામાં આવેલ હતી. જે અનુસંધાને પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૪, ૩૨૫ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધેલ હતો અને જે ગુન્હા અનુસંધાને પ્ર.નગર પોલીસ સ્ટેશન ધ્વારા ગંભીર નાગદાનભાઈ ડાંગર ,ભરત રઘુભાઈ કુગશીયા , રામભાઈ દેવશીભાઈ પીઠીયાની ધરપકડ કરેલી હતી.

ત્યારબાદ સદરહું ગુન્હામાં ચાર્જશીટ થતા કેસ ચાલી જતા સેશન્સ અદાલત ધ્વારા ભરત રઘુભાઈ કુગશીયા તથા ગંભીર નાગદાનભાઈ ડાંગરને ઉપરોક્ત કલમો અન્વયે આજીવન કેદની સજા તથા દંડ કરવામાં આવેલ હતો.

ત્યારબાદ ઉપરોક્ત આરોપીઓ પૈકી ભરત રઘુભાઈ કુગશીયા ધ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ અને જે અપીલ અનુસંધાને તેઓ ધ્વારા જામીન પર છુટવા માટે રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલ હતી જે જામીન અરજીમાં એવી રજુઆત કરવામાં આવેલ કે હાલના અરજદાર આરોપીએ કોઈ હથીયાર વડે માર મારેલ હોય તેવું ચાર્જશીટ જોતા જણાય આવતું નથી કે તેવો કોઈ પુરાવો પણ મળી આવેલ નથી તેમજ આઈ.પી.સી. કલમ ૩૦૭ ના કોઈ તત્વો પુરાવા જોતા જણાય આવતા નથી. ફરીયાદીને જે ઈજાઓ હતી તે ફેકચરની ઈજાઓ હતી જે ધારીયા જેવાહથીયારથી સંભવીત બની શકે નહી અને ફરીયાદીએ તેઓની જુબાનીમાં એવી સ્પષ્ટતા કરેલ નથી કે સદરહું ધારીયું ઉંધુ મારેલ હતું તેમજ ડોકટરની જુબાની જોતા તેઓને થયેલ ઈજાઓ ધારીયાથી થઈ શકે તેવી ન હતી તેમજ ફરીયાદીને થયેલ ઈજાઓ મૃત્યુ નીપજાવવા માટે પુરતી ન હતી.

આ બંને કેસમાં આરોપી વિરુધ્ધ કોઈ પ્રથમ દર્શાનીય પુરાવો રજુ કરી શકેલ નથી, આરોપીઓની સામે માર મારવાના હેતુ નો પણ પુરાવો સાબીત થતો નથી મહત્વના સાહેદોને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. અને કાયદાકીય મુદાઓની દલીલો કરવામાં આવેલ હતી અને ઉચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ હતા. ઉપરોક્ત બચાવપક્ષની દલીલો, અને કાયદાકીય આધારો અને સેસન્સ અદાલતમાં રજુ થયેલ પુરાવાઓ અને જુબાનીઓ ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આરોપી ભરત રઘુભાઈ કુગશીયાને બંને કેસમાં રૂા.૧૦,૦૦૦/- ના અપીલ ચાલતા દરમ્યાન જામીન ઉપર મુકત કરેલ છે.

આ કામમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વિરાટભાઈ પોપટ તથા રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, જયવિર બારૈયા, ખોડુભા સાકરીયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર રોકાયેલ હતા.

## કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને વાસ્મોની બેઠક યોજાઇ

**રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રૂ. ૪૪.૨૪ લાખના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લામાં સરકારના ઓગ્મેન્ટેશન ઇન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટેની જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે કુલ રૂ. ૪૪,૨૪,૪૨૧ના ૨૪ વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જે પૈકી પડધરી તાલુકાની રૂ. ૧૮,૫૬,૫૦૦ના વિકાસ કાર્યોની સૈદ્ધાંતિક મંજૂરીનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા જળ જીવન મિશન અંતર્ગત લોન્ચ કરવામાં આવેલી નવીન વેબસાઈટમાં રાજકોટ જિલ્લાની વિગતોની નોંધણી, વોટર ક્વોલિટી સહિતની વિવિધ વિગતોના નિદર્શન સાથે બેઠકમાં વાસ્મો દ્વારા શાળા-આંગણવાડી ખાતે પાણીની વ્યવસ્થા, વોટર કવોલિટી ટેસ્ટ, પંપ ઓપરેટરોને હેડવર્ક ખાતે આપવામાં આવતી તાલીમ અને પ્રગતિ હેઠળની યોજનાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, અધિક નિવાસી કલેક્ટર એ.કે.ગૌતમ, આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, ડી.આર.ડી.એ.ના નિયામક એ.કે.વસ્તાણી, રૂડાના ચેરમેન જી.વી.મિયાણી, પ્રાંત અધિકારી ચાંદની પરમાર અને વિમલ ચક્રવર્તી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ, પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઇજનેર અંકિત ગોહેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શૈક્ષણિક સંસ્થાઓને "જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ" અંગેની અરજી કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીનગર સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં દરેક જિલ્લામાં "જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ" શરૂ કરવામાં આવનાર છે. જે અંતર્ગત પ્રથમ તબક્કમાં ઝોનમાં ૫ જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ (DLSC) શરૂ કરવા માટે રસ ધરાવતી સરકારી તથા ખાનગી કોલેજો કે અન્ય સંસ્થાઓએ તા.૧૫/૦૫/૨૦૨૫ થી તા.૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અરજીઓ કરવાની રહેશે.

જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ અંગેની ઓનલાઈન અરજી sport-sauthority.gujarat.gov.in વેબસાઈટ પરથી કરી શકાશે. અને કોલેજ પસંદગી માટેના ધારા-ધોરણો રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નિયત ઠરાવમાં દર્શાવ્યા મુજબના રહેશે. જે અનુસંધાને રાજયની હયાત યુનિવર્સિટી/યુનિવર્સિટીની માન્યતા ધરાવતી કોલેજની જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ તરીકે વિચારણા કરી શકાશે. UGC સાથે સંલગ્ન યુનિવર્સિટી અથવા યુનિવર્સિટી સંલગ્ન અનુદાનિત, બિન અનુદાનિત કે સ્વ-નિર્ભર કોલેજનો સમાવેશ કરી શકાશે. રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૫ એકર જમીનની ઉપલબ્ધિ યુનિવર્સિટી/ કોલેજમાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોર રમતની માળખાકીય સુવિધાઓનો પણ સમાવેશ થશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના જિલ્લા રમત સંકુલ નજીકની કોલેજ હોય તો તેને છુટછાટ આપી શકાશે તેમજ ડી.એલ.એસ.એસ. શાળાની નજીકની કોલેજ/યુનિવર્સિટીને અગ્રતા આપવામાં આવશે. ઓછામાં ઓછા ૨૦૦ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે હોસ્ટેલ સુવિધા અને પ્રાથમિક ખેલ સુવિધા તેમજ વિકસિત મેદાન ઉપલબ્ધ હોય તે પ્રથમ પસંદગીને પાત્ર રહેશે. "જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ" અંગેનો ઠરાવ sport-sauthority.gujarat.gov.in ની વેબસાઈટ પરથી મેળવી શકાશે. તેમ ગાંધીનગર સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલની યાદીમાં જણાવાયું છે.

## સીટી સમાચાર

### રાજકોટ શહેર "નો ડ્રોન ઝોન" જાહેર

રાજકોટ શહેર વિસ્તારમાં સુરક્ષા અર્થે પોલીસ કમિશનર શ્રી બ્રજેશ કુમાર ઝા દ્વારા તા. ૧૩/૦૫/૨૦૨૫ સુધી યુ.એ.વી. કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલ ડ્રોન કે રીમોટ કંટ્રોલ સંચાલિત એરીયલ મિસાઇલ,પેરા મોટર, હેલીકોપ્ટર કે પેરાગ્લાઇડર, કવાડ કોપ્ટર, માનવ સંચાલિત માઇક્રોલાઇટ એરક્રાફટ, હોટ એર બલુન, પેરા જમ્પિંગ ના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. પોલીસ વિભાગ, સુરક્ષા એજન્સીના તેમજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટને આ આદેશ લાગુ પડશે નહીં. આ આદેશોનો અમલ રાજકોટ શહેરમાં તમામ વિસ્તારમાં તા.૧૩.૦૫.૨૦૨૫ સુધી કરવાનો રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

### અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સૂચના

રાજકોટના મોરબી રોડ પરના વેલનાથ પરા રેલવે બ્રિજ પાસે તા.૮ મે ૨૦૨૫ના રોજ રાત્રીના ૨૧ કલાક પહેલા રેલવેના ટ્રેક ઉપર આશરે ચાલીસ વર્ષીય અજાણ્યા પુરુષનું ટ્રેન સાથે અકસ્માત થતાં શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ સાથે મૃત્યુ થયેલ છે. મૃતક શરીરે પાતળો બાંધો આશરે પાંચ ફૂટ ૬ ઇંચની ઊંચાઈ ધરાવે છે. ઘઉંવર્ણા, સફેદ કાળી મોટી દાઢી તેમજ તેના શરીરે જમણા હાથે કાંડા પર એસ. એસ.(S.S.) ત્રોંફાવેલ છે. તેમણે શરીરે દુધિયા સફેદ કલરનો ચેકસ વાળો શર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ છે. મૃતકના વાલી-વારસને બી. ડિવિઝન પોલીસ સ્ટેશનને જણાવવા પોલીસ ઈન્સપેકટર એસ.એન.શ્યોરાની યાદીમાં જણાવાયું છે.

### રાજકોટ શહેરમાં ૧૫મી મે સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

હાલના સંજોગોમાં રાજકોટ શહેરમાં ફટાકડા ફોડવા પર શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝાએ પ્રતિબંધ ફરમાવ્યો છે. પ્રવર્તમાન સંજોગોમાં લોકોના જાન-માલની સુરક્ષા માટે શહેરમાં દિવસ અને રાતે, જાહેર કે ખાનગી સ્થળે કોઈ પણ પ્રકારનું દારુખાનું કે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ રહેશે. આ જાહેરનામું ૧૫મી મે, રાતના ૨૪ કલાક સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનારા સજાને પાત્ર થશે.

### નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક તા.૧૭ મે ના રોજ યોજાશે

જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને રાજકોટ જિલ્લા/શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે. કલેકટર કચેરી સભાખંડ ખાતે તા.૧૭ મે ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે યોજાનાર બેઠકમાં સમિતિના તમામ સભ્યોએ સમયસર પહોંચવા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા જણાવાયું છે.

### રાજકોટમાં ૧૫ મેના રોજ નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાશે

નશીલા પદાર્થો તથા માદક દ્રવ્યોના સેવનની પ્રવૃત્તિ વિશ્વ સમુદાય સામે પડકારરૂપ છે. રાજકોટ શહેરમાં નશાબંધીને લગતા ગુનાઓ અટકાવવા, તે શહેર પોલીસની પ્રાથમિકતા છે. નાર્કોટીક્સની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ અટકાવવા કાર્યરત કેન્દ્ર તથા રાજ્યના વિભાગો અને એજન્સીઓ સંકલનમાં રહીને સંયુક્ત રીતે કામ કરી શકે, તે હેતુસર NCORD (Narco Coordination Center) કમિશનરેટ વિસ્તારની કમિટી બનાવાઇ છે. જે અન્વયે રાજકોટની સમિતિની બેઠક ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કમિશ્નરશ્રીના અધ્યક્ષસ્થાને તા. ૧૫ મે, ૨૦૨૫ના રોજ સાંજે ૪ કલાકે યોજાશે. જેની સમિતિના સભ્યોએ નોંધ લેવા યાદીમાં જણાવાયું છે.

## ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા રેલ્વે સ્ટેશનમાં સુવિધાઓ આપવા માંગ

**યુવા આગેવાન રસિક ચાવડા દ્વારા રેલ્વેમંત્રીને રજુઆત**




**મુખ્ય સમાચાર, ઉના (અબ્દુલ પઠાણ)**

અખિલ ભારતીય કોળી સમાજ ના પ્રદેશ મહામંત્રી અને અને યુવા નેતા રસિક ચાવડા એ ઊના પ્રાંત અધિકારી મારફત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રેલ્વે મંત્રીઅશ્વિની વૈષ્ણવ ને ગીર ગઢડા રેલ્વે સ્ટેશન માં સુવિધા બાબતે રજૂવાત કરી છે અને તેમાં જણાવેલ છે કે ગીર સોમનાથ જિલ્લા ના ગીર ગઢડાતાલુકો વિકાસની દ્રષ્ટિએ પછાત તાલુકો છે. અને તેમા પણ રેલ્વે સેવાનુ પણ પછાતપણુ આ વિસ્તાર ને છે.લાંબા અંતરની મુસાફરી માટે સૌથી સસ્તુ અને સલામત મુસાફરી રેલ્વેની છે.પણ ખાટલે મોટી ખોટ કહેવત અનુસાર આ વિસ્તાર મા આ સુવિધાનો સદતર અભાવ જોવા મળે છે.

દેશ જયારે આધુનિક રેલ્વે સ્ટેશનો બુલેટ ટ્રેનો,હાઈ-સ્પીડ ટ્રેન, મેટ્રો ટ્રેનો ચાલતી હોય ત્યારે અહી રેલ્વે સ્ટેશન મા બેસવાના તુટેલ બાકડા, ન તો પીવાના પાણીની વ્યવસ્થ,શોચાલયનો અભાવ જેવી પાયાની પ્રાથમિક સુવિધાઓ પણ નથી. રેલ્વે સ્ટેશન નું છાપરું તૂટી ગયું છે. ચોમાસા માં પાણી પડે. આખા રેલ્વે સ્ટેશન માં ગંદકી ના ગંજ છે. પક્ષીઓ અને સ્વાન નું મળ આખા રેલ્વે સ્ટેશન માં છે.સફાઈ નો સદંતર અભાવ છે.ઠેર ઠેર ગંદકી છે. રેલ્વે સ્ટેશનનો સ્ટેશનના નામનો બોર્ડ પણ વંચાતો નથી.

આ વિસ્તાર માં પ્રવાસન ની અનેક તકો છે નજીક માં જ દ્રોણેશ્વર મહાદેવ,તુલસી શ્યામ જેવા પ્રવાસન સ્થળો છે ત્યારે આ વિસ્તાર મા લાંબા અંતરની ટ્રેન આપવામાં આવે તો પ્રવાસીઓ ને મુસાફરીની સારી સુવિધાઓ મળી રહે. રેલ્વે સ્ટેશનનું આધુનિકરણ, પ્રાથમિક સુવિધાઓ,બ્રોડ ગેજની સુવિધા મળે એવી માંગ રસિક ચાવડા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી,અશ્વિની વૈષ્ણવ મંત્રી રેલવે,માહિતી અને પ્રસારણ અને ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી,ભારતસરકાર, રેલ ભવન, ન્યુ દિલ્હી,પ્રશ્ચિમ રેલ્વે,મુંબઈ,ડીવીજનલ રેલ્વે મેનેજર ,ડી.આર.એમ ઓફીસ, પશ્ચિમ રેલ્વે,ભાવનગરપરા ભાવનગર ને કરવામાં આવી છે.

## સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા સંપૂર્ણ સાજાઃ સેવા કાર્યોમાં ફરી વ્યસ્ત





**તબિયત અંગે પુચ્છા કરનાર તમામનો આભાર માન્યો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાને હાર્ટએટેક આવ્યા બાદ બાયપાસ સર્જરી કરવામાં આવી હતી અને હવે સંપૂર્ણ સાજા થઇ ગયા છે. તેમણે જાગનાથ મંદિર ચોકમાં આવેલી ઓફિસમાં કામ પણ શરુ કરી દીધુ છે.

ગત. ૧૪ એપ્રિલે એટેક આવ્યા બાદ પહેલા રાજકોટ અને પછી અમદાવાદ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને બાયપાસ સર્જરી કરવામાં આવી હતી. સળંગ ૨૮ દિવસ સુધી હોસ્પિટલ અને ઘરે આરામ કર્યા બાદ સોમવારે તેઓ પહેલા બાલકૃષ્ણ લાલજીની હવેલીએ દર્શનાર્થે ગયા હતા અને મુખ્યાજીના આશીર્વાદ લીધા હતા.

આ પછી નિત્યક્રમ મુજબ રામનાથપરા મુક્તિધામની મુકાલાત લઈને સરગમ ભવન ગયા હતા અને પછી જાગનાથ મંદિર ચોકમાં આવેલી સરગમ કલબની મુખ્ય ઓફિસમાં આવી ગયા હતા.

ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું હતું કે, સેવાકાર્યો કર્યા વગર હું રહી શકુ નહી.એટલે સક્રિય થઇ ગયો છું.આ દરમિયાન મારી તબિયતની ચિંતા કરનાર સૌ કોઈનો આભાર માનુ છું.તેમણે એમ પણ કહ્યું હતું કે, મારું જીવન સેવાકાર્યોને વરેલું છે અને હું આજીવન સેવા કરતો રહીશ.

## અધિક નિવાસી કલેકટરની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

**રસ્તા રીપેરિંગ, ગેરકાયદે ગેપ ઈન મીડિયન અને અનઅધિકૃત દબાણ દૂર કરવા સહિતની કામગીરી સત્વરે કરવા સૂચના**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા અધિક નિવાસી કલેક્ટર એ.કે.ગૌતમની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજકોટ - જામનગર રોડ પર ખુલ્લા જોવા મળેલા ગેપ ઈન મીડિયન, પડધરી સર્કલ પાસે માર્ગ અકસ્માત થવાની સંભાવના, અનઅધિકૃત દબાણ, સર્વિસ રોડ ઉપર ખાડાઓ રીપેરીંગની કામગીરી સહિતની કામગીરી અંગે અધિક નિવાસી કલેક્ટરશ્રીએ સમીક્ષા કરી હતી.

વધુમાં આર.ટી.અધિકારીશ્રી કેતન ખપેડ દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી રાજકોટ- મોરબી રોડ ઉપર બંધ કરવામાં આવેલા ગેરકાયદે મીડિયન, રાજકોટ-ભાવનગર રોડ પર થયેલી રીસર્ફેસિંગની કામગીરી, જાહેર જનતા અને વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતીની જનજાગૃતિ માટે કરવામાં આવેલા રોડ સેફ્ટી સેમીનાર, અકસ્માત સંભવિત ઝોન, ટ્રાફિક જામ નિવારવા સહિતની કામગીરી અંગે વિસ્તૃત જાણકારી અપાઈ હતી.

માર્ગ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિઓને મદદ કરવા અને તેમનું જીવન બચાવવા માટે જિલ્લા ટ્રાફિક પોલીસ શાખાના કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ પરમારને ગુડ સમરિટન પુરસ્કાર યોજના હેઠળ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, ભારત સરકારના માર્ગ અને પરિવહન વિભાગ દ્વારા માર્ગ અકસ્માતનો ભોગ બનેલા નાગરિકોને મદદ કરવા અને જીવન બચાવવા માટે અન્યને પણ પ્રેરણા આપવા નાગરિકો માટે ગુડ સમરિટન પુરસ્કાર યોજના અમલમાં મૂકવામાં આવી છે. તેમજ ૧ એપ્રિલ, ૨૦૨૫ થી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી "રાહવીર યોજના" પણ શરૂ કરવામાં આવી છે. જેમાં નાગરિકોને રૂ.૨૫,૦૦૦નો પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે.

આ બેઠકમાં રાજકોટ ગ્રામ્ય ડી.વાય.એસ.પી. એસ.એસ. રઘુવંશી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષિત પટેલ, રોડ સેફટી એક્સપર્ટ સભ્ય જે.વી. શાહ, સહીત એન.એચ. એ.આઈ., આર.એન્ડ બી. ગ્રામ્ય, નેશનલ ડિવિઝન સ્ટેટ હાઈવે, રૂડા, શિક્ષણ, આરોગ્ય, સહિતના રોડ સેફટી કમિટીના મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતાં.

## કોઠારિયામાં વ્યાજખોરોના ત્રાસથી કારખાનેદારનો આપઘાતનો પ્રયાસ

**૨૫ લાખ સામે ૯૦ લાખ ચૂકવ્યા છતાં ૨૦ લાખ માંગી ચેક પડાવી લીધાઃ વ્યાજ ભરવા ૧.૨૫ કરોડની લોન લીધીઃ મારી નાખવાની ધમકી આપતા બે સામે ગુનો**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પોલીસના લોકદરબાર પછી પણ વ્યાજના વરૂઓને જાણે કાયદાનો જરાપણ ભય જ ન હોય તેમ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી વ્યાજે લેનાર વ્યક્તિનું જીવવું હરામ કરી રહ્યા છે રાજકોટના કોઠારીય ગામમાં રહેતા અને લોઠડામાં તિરૂપતિ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં જય ગાત્રાળ ટેકનોકાસ્ટ નામે લોખંડની ભઠ્ઠીનું કારખાનું ધરાવતા સુરેશભાઈ લક્ષ્મણભાઈ સાંગાણી ઉ.૫૫ નામના કારખાનેદારે ઘઉંમાં નાખવાના ટીકડા પી આપઘાતનો પ્રયાસ કરી ખોખડદળના રામા ભરવાડ અને મનીષ રંગાણી નામના બે વ્યાજખોરો સામે આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે સાડા ત્રણેક વર્ષ પૂર્વે લોઠડામાં કારખાનું ભાડેથી ચલાવતો હતો ત્યારે રામાભાઈને ચાની દુકાન હોય તેની સાથે મિત્રતા હોય ધંધા અને દીકરીની સગાઈ માટે પૈસાની જરૂર હોય રામાભાઈને વાત કરતા તેણે ૧૦ ટકા વ્યાજ કહ્યું હતું મારે જરૂરિયાત હોવાથી ૨૦ લાખ વ્યાજે લીધા હતા જેનું હું દર મહીને બે લાખ વ્યાજ આપતો હતો વ્યાજ આપવામાં લેટ થાય તો પેનલ્ટી પણ લેતા હતા છેલ્લા ત્રણ વર્ષમાં વ્યાજ, પેનલ્ટી સહીત ૮૦ લાખ ચૂકવી દીધા ચાહતા હજુ ૧૫.૫૦ લાખની માંગણી કરે છે તેમજ રામાભાઈનું વ્યાજ ભરવા મનીષભાઈ પાસેથી ૫ લાખ ૧૦ ટકે લીધું હતું તેને દર મહીને ૫૦ હજાર વ્યાજ ભરતો હતો તેને બે વર્ષમાં ૧૦ લાખ ચૂકવી દીધા છે તેમ છતાં હજુ ૫ લાખ માંગે છે આ લોકોને વ્યાજ ભરવા નવ બેંકમાંથી સવા કરોડની લોન લીધી હતી ચારેક માસથી મંદી આવતા વ્યાજ ભરી શક્યો ન હતો જેથી ફોનમાં તેમજ રૂબરૂ આવી વ્યાજની પઠાણી ઉઘરાણી કરતા અને પૈસાન આપું તો જાનથી મારી નાખવાની ધમકી આપતા ગાળો દઈ, બદનામી કરીશું,તારા દીકરાનું સગપણ નહી થવા દઈએ કહી પત્નીના નામના સહીવાળા ચેક લઈ ગયા હતા અને બેંકમાં નાખી બાઉન્સ કરવાની ધમકી આપતા હોવાથી ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા હોસ્પીટલમાં ખસેડાયા હતા એએસઆઈ કુરિયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# યુનિ. રોડ પર ઋષીકેશ પાર્કમાં પાડોશીએ કરી મહિલાની હત્યા



તસવીર : આનંદ જાવીયા



## ચાર મહિનાથી રહેતી અમદાવાદની નર્સ સાથે પાડોશીએ બળજબરી કર્યાની આશંકા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

યુનિવર્સિટી રોડ પર એફએસએલ કચેરી પાછળ આવેલા ઋષીકેશ પાર્ક-૨માં ઉમીયાજી કૃપા' નામના મકાનમાં ઉપરના માળે ચારેક મહિનાથી ભાડેથી રહેતાં અને રાજકોટ કેન્સર હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતાં મુળ અમદાવાદના ચૌલાબેન ત્રિભોવનદાસ પટેલ (ઉ.વ.૫૩)ની રાતે તેના જ મકાન પાછળ રહેતાં પડોશી કાનજી ભીમાભાઇ વાંજા નામના ૩૪ વર્ષના શખ્સે ગળુ દાબી છરીના ઘા ઝીંકી ક્રુર હત્યા કરી નાંખી છે. હત્યા કરનારા કાનજીને પણ હાથ-પગમાં છરીના ઘા લાગી ગયા છે. તે ભાગી જાય એ પહેલા નીચેના માળે રહેતાં દંપતિ અને પડોશીઓએ તેને પકડીને પુરી દીધો હતો અને પોલીસને બોલાવી સોંપી દીધો હતો. બળજબરીનો પ્રયાસ સફળ નહિ થતાં કાનજીએ આ ખૂની ખેલ ખેલ્યાની શક્યતાએ પોલીસે તેની પુછતાછ આદરી છે.

આ અંગેની વિગત મુજબ ઋષિકેશ પાર્ક-૨માં આવેલા સુરેશભાઇ ગોઢાણીયાની માલિકીના બે માળના મકાનમાં નીચેના માળે નિલમબેન અને તેમના પતિ પિયુષભાઇ દલસાણીયા રહે છે અને ઉપરના માળે મુળ અમદાવાદના દસ્કોઇ તાબેના કુહા ગામના વતની ચૌલાબેન પટેલ રહે છે. રાત્રે ચૌલાબેન પટેલની તેના જ ઘરમાં હત્યા થઇ ગયાની જાણ ૧૦૮ મારફત થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઇ એચ. એન. પટેલ, પીએસઆઇ પંડયા, એએસઆઇ હિતેષભાઇ જોગડા, હેડકોન્સ. જયંતિભાઇ, સિધ્ધરાજસિંહ તેમજ ડી. સ્ટાફની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. બનાવને પગલે ડીસીપી જગદીશ બાંગરવા પણ પહોંચી ગયા હતાં. પંચનામુ કરી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રવાના કર્યો હતો.

પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યુ હતું કે હત્યાનો ભોગ બનેલા મહિલા રાજકોટ કેન્સર હોસ્પિટલમાં કીમોથેરાપી વિભાગમાં નર્સ તરીકે નોકરી કરતાં હતાં. તેમની બદલી ચાર મહિના પહેલા જ અમદાવાદ સિવિલથી રાજકોટ થઇ હતી. અહિ તે ભાડેથી એકલા જ રહેતાં હતાં. હત્યાનો આરોપી પડોશમાં જ રહેતો કાનજી ભીમાભાઇ વાંજાને પડોશીઓએ પુરીને રાખ્યો હોઇ પોલીસે સકંજામાં લઇ તેની પુછતાછ કરતાં તેણે એવુ રટણ કર્યુ હતું કે રાતે મને બોલાવવામાં આવતાં હું ગયો હતો અને માથાકુટ થયા બાદ મારા પર હુમલો થતાં મેં વળતો પ્રહાર કર્યો હતો. જો કે તેની આ વાત પોલીસને ગળે ઉતરતી ન હોઇ વિશેષ પુછતાછ થઇ રહી છે.

હત્યાનો ભોગ બનેલા ચૌલાબેન પટેલ એક ભાઇથી નાના અને અપરિણીત હતાં. પચ્ચીસ વર્ષથી અમદાવાદ સિવિલમાં નર્સ તરીકે ફરજ બજાવતાં હતાં અને ગત ફેબ્રુઆરીમાં જ રાજકોટ બદલી થતાં હાલ રાજકોટ કેન્સર હોસ્પિટલમાં ફરજ બજાવતાં હતાં. આગામી મહિને ફરી તેની બદલી અમદાવાદ થવાની હોવાનું તેઓ પડોશીને કહેતાં હતાં. હત્યાના બનાવની જાણ થતાં દસ્કોઇ કુહા ગામેથી હત્યાનો ભોગ બનનાર ચૌલાબેનના મોટા ભાઇ શીવાંગભાઇ ત્રિભોવનદાસ પટેલ સહિતના સગા સંબંધીઓ રાજકોટ દોડી આવ્યા હતાં. પોલીસે તેમના ભાઇની ફરિયાદ પરથી ગુનો નોંધવા તજવીજ આદરી હતી.

# માતાના જનાઝામાં જતા પુત્રનું રાજકોટમાં કારની ઠોકરે કરુણ મોત

### અમદાવાદથી પોરબંદર જતાં માર્કેટ યાર્ડ પાસે યમરાજનો ભેટોઃ અન્ય ત્રણ લોકોને ગંભીર ઈજા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના માર્કેટ યાર્ડ નજીક GJ-03-BU-7839 નંબરની રીક્ષા ચાલક ગ્રીનલેન્ડ ચોકડીએથી મુસાફરોને બેસાડીને ગોંડલ રોડ ચોકડી તરફ જવા રવાના થયો હતો. ત્યારે માર્કેટ યાર્ડ પુલથી આજીડેમ ચોકડી તરફ જતા રસ્તે અચાનક પાછળથી પૂરપાટ ઝડપે એક કાર આવી હતી અને રિક્ષાને અડફેટે લઈ ફરાર થઈ ગઈ હતી, જેમાં જોરદાર ટક્કર વાગતાં રિક્ષા પલટી મારી ગઇ હતી, જેથી અંદર બેઠેલા મુસાફરો પૈકી એક યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું.

જ્યારે ૩ મુસાફરને ઈજાઓ થઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ઘટનાસ્થળે જ મૃત્યુ પામનારનું નામ યુસુફભાઈ અનવરભાઈ મુકાદમ (ઉ.વ.૩૪) હોવાનું ખૂલ્યું હતું. પંચનામું કરી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. વધુ વિગતો મુજબ મૃત્યુ પામનાર પુસુફભાઈ હાલ અમદાવાદ રહી નોકરી કરતો હતો. તે મૂળ પોરબંદરના વતની હતો અને તેની માતાનું મૃત્યુ થતાં તેમની મૈયતમાં સામેલ થવા અમદાવાદથી પોરબંદર જવા નીકળ્યો હતો. સવારે ૬ વાગ્યે ગ્રીનલેન્ડ ચોકડીએ પહોંચી ત્યાંથી ગોંડલ રોડ ચોકડીએ જવા તે રિક્ષામાં બેઠો હતો અને પાર્ડ નજીક હિટ એન્ડ રનમાં તેનું મૃત્યુ થયું હતું, જેથી પોરબંદર રહેતાં પરિવારજનોમાં ભારે શોક વ્યાપી ગયો હતો. બનાવને પગલે લોકોનાં ટોળાં ભેગાં થઈ ગયાં હતાં અને ૧૦૮ને જાણ કરતાં બે એમ્બ્યુલન્સ પહોંચી હતી. અકસ્માતમાં ઘવાયેલા કુવાડવા રોડ રામ પાર્કના ગોપાલભાઈ કરસનભાઈ પઢારિયા (ઉં.વ.૪૮), અમદાવાદ સરખેજના જેઠાભાઈ મંગળભાઈ ચૌહાણ (ઉં.વ. ૬૩) અને ગોંડલના વિવેક ત્રિમોહનભાઈ શુકલા (ઉં.વ.૨૪)ને ઈજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. દરમિયાન આજી ડેમ પોલીસ પથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# મંડપ સર્વિસના ધંધાર્થીનો કનકનગરમાં લગ્ન પ્રસંગના હોલમાં ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગંજીવાડામાં રહેતા મંડપ સર્વિસના ધંધાર્થીએ સંતકબીર રોડ પર કનકનગરમાં આવેલા મહારાણાપ્રતાપ હોલમાં અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવ-ારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસનો ધમધાટ શરૂ કર્યો છે.



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, ગંજીવાડા શેરી નં.૫૭માં રહેતા અને ગંજીવાડામાં જ મોમાઈ મંડપ સર્વિસ કરતાં પાચાભાઈ વજકાણી (ઉ.૩૨) નામના યુવાને બપોરે સંતકબીર રોડ પર કનકનગરમાં આવેલા આર.એમ.સી.ના મહારાણાપ્રતાપ હોલમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં પરિવારજનો અને પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ ત્રણ બહેનમાં નાનો અને તેને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. વધુ તપાસમાં કોર્પોરેશનના હોલમાં ચોકીદાર પણ રાખવામાં આવ્યો છે. જો કે ચોકીદાર ન હોય અને મંડપ સર્વિસનો ધંધાર્થી તેના કામ અર્થે હોલમાં આવ્યા બાદ આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. તેણે આપઘાત શા માટે કરી લીધો તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# કુવાડવા પાસે અઢી કિલો ગાંજાના જથ્થા સાથે ઈસમ ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરી વિસ્તારમાં યુવા ધન નસાના રવાડે ના ચડે અને માદક પદાર્થોનું વેચાણ અટકાવવા એસ ઓ જી ની ટીમ રાજકોટ અમદાવાદ હાઈવે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાથમીના આધારે એક શખ્સને કુવાડવા ગામ પાસેથી અઢી કિલો ગાંજા સાથે દબોચી લઈ રૂપિયા ૨૯,૫૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો છે

આ અંગેની માહિતી મુજબ એસ ઓ જી ના પીઆઇ એસએમ જાડેજા ની સૂચનાથી કોન્સ્ટેબલ હાર્દિક સી પરમાર તથા યોગેન્દ્ર સિંહ ઝાલા સહિતનો સ્ટાફ કુવાડવા ગામ તરફ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે ઈન્ડિયન ઓઇલ પેટ્રોલ પંપ ની બાજુમાં શિવ શક્તિ હોટલ સામેના રોડ પર એક ઈસમ શંકાસ્પદ હાલતમાં ઊભો હોવાની હકીકત મળતા પોલીસે ઉપરોક્તડે જઈ માર્કેટ યાર્ડ પાસે આવેલ સાગર નગર શેરી નંબર એકમાં રહેતો દીપક ઉર્ફે શિવમ રણજીત અગ્રાવત શખ્સને દબોચી લઈ તલાસી લેતા તેની પાસેથી અઢી કિલો ગાંજો મળી આવતા પોલીસે મોબાઈલ અને રોકડ સહિત ૨૯,૫૦૦ નો મુદ્દા માલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે

# કારખાનુ સીલ થઇ જતાં આર્થીક ભીંસમાં સપડાયેલા કારખાનેદારનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં નવલનગરમાં રહેતા અને પડવલા ગામે કારખાનું ધરવતા કારખાનેદારએ કારખાનની સિલ લાગતા અમદાવાદની પાર્ટીને આપેલ માલ રૂપિયા ૧૭ લાખ નહીં ચૂકવતા અને બેંક લોનના હપતાની ચિંતા ફિનાઈલ અને મચ્છર મારવાનું લીકવીડ પી લીધુ હતુ આપઘાતનો પ્રયાસ કરનાર કારખાનેદારને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ મવડી મેઈન રોડ પર આવેલા નવલનગરમાં રહેતા અને પડવલા ગામે અમર ઈન્ડસ્ટ્રીઝોનમાં ખોડીયાર સ્ટીલ એન્ટપ્રાઈઝ નામે કારખાનુ ધરાવતા મનીષભાઈ જયસુખભાઈ રાઠોડ (ઉ.વ.૪૫) બપોરના ચારેક વાગ્યના અરસામા પોતાના કારખાને હતા ત્યારે ફિનાઈલ

અને મચ્છર મારવાનું લીકવીડ પી લીધુ હતુ. આપઘાતનો પ્રયાસ કરનાર કારખાનેદારને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં મનીષભાઈ રાઠોડ ત્રણ બાઈ બે બહેનમાં વચેટ છે. અને ખોડીયાર સ્ટીલ એન્ટપ્રાઈઝ નામે કારખાનુ ધરાવે છે. મનીષભાઈ રાઠોડે બેંક ઓફ બરોડામાથી રૂા.૯૮ લાખની લોન લીધી હતી અને રૂા.૬૮ લાખ ચૂકવી દીધા હતા.બાકીની રહેતી રકમ રૂા.૧.૬૦ લાખના હસે સાત વર્ષમાં ભરપાઈ કરવાની હતી. જે અંગે મનીષભાઈ રાઠોડે બેંકને રીકવેસ્ટ અરજી કરી બાકીની રકમ સાત વર્ષના બદલે ૧૫થી ૨૦ વર્ષમાં ભરપાઈ કરવાની મુદતમાં વધારો કરવાની રજુઆત કરી હતી. બાકી રહેતા લેણા વસુલવા બેંક દ્વારા ગત તારીખ ૧૩ એપ્રિલના બેંક દ્વારા કારખાનાને સીલ મારવામાં આવ્યું હતુ. આ ઉપરાંત મનીષભાઈ રાઠોડે અમદાવાદની પાર્ટીને રૂા.૧૭ લાખનો માલ આપ્યો હતો. પરંતુ તે રૂપિયા નહીં મળતા કોર્ટ કેસનો ચૂકાદો મનીષભાઈ રાઠોડની તરફેણમાં આવ્યો છે. કારખાનને સીલ લાગતા અને માલના રૂા.૧૭ લાખ નહીં મળતા આર્થિક સંકાળમણથી કારખાને દારે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પોતાની રવિરાજ કન્સ્ટ્રકશન નામની ઓફિસમાં અંતિમ પગલું ભર્યું

# જૂનાગઢ તાલુકાના ભાજપ બક્ષીપંચમોરચાના પૂર્વ મહામંત્રીનો લમણે ગોળી ખાઈ આપઘાત

### રૂમમાંથી સેલફોર્સના ટીકડા પણ મળ્યા, મોબાઇલ અને રિવોલ્વર કબજે



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પૂર્વ મહામંત્રી અને કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણીએ આજે બપોરે અહીં દોલતપરામાં આવેલી તેમની રવિરાજ કન્સ્ટ્રકશન નામની ઓફીસના રૂમમાં પોતાની લાયસન્સવાળી રિવોલ્વરમાંથી લમણે ગોળી મારીને આપઘાત કરી લેતા ચકચાર જાગી છે, જો કે ક્યાં કારણોસર આત્મહત્યા કરી તે હજુ સામે આવ્યું નથી. આ અંગેની માહિતી મુજબ જૂનાગઢ નજીક માખીયાળાના વતની અને રવિરાજ કન્સ્ટ્રકશન નામે મકાન લે-વેચના ધંધા સાથે સંકળાયેલા તેમજ જૂનાગઢ તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પૂર્વ મહામંત્રી એવા કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણી ભરતભાઈ દલુભાઈ વાંક ઉ.૫૫ એ બપોરે બે વાગ્યાના અરસામાં આત્મહત્યા કરી લેતા સનસનાટી મચી જવા પામી છે, ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું કે, દોલતપરામાં મારુતિ કોમ્પલેક્ષમાં આવેલ તેમની રવિરાજ કન્સ્ટ્રકશન નામની ઓફીસના રૂમમાં આ પગલું ભરી લીધાની જાણ થતા બી ડિવીઝન પોલીસ દ્વારા તપાસ શરુ કરવામાં આવી છે.

ભરતભાઈએ બપોરે બે વાગ્યાના અરસામાં અચાનક પોતાની લાયસન્સવાળી રિવોલ્વરમાંથી લમણે ગોળી મારી દીધી હતી, ઘટનાની જાણ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા, તેમને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવતા તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું.

પોલીસને જાણ કરાતા પોલીસે સ્થળ પર તપાસ કરી તો, રૂમમાંથી તેમની લાયસન્સવાળી રિવોલ્વર મળી આવી હતી, જે કબજે કરવામાં આવી છે, તેમજ સેલફોર્સના ટીકડા પણ મળી આવ્યા છે. જેથી ગોળી ખાધા પહેલા તેઓએ દવા પીધાનું અનુમાન છે.

હાલ તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કર્યા પછી પીએમ રીપોર્ટ આવ્યે માલુમ પડશે કે, તેઓએ ગોળીબાર પહેલા ઝેરી દવા પીધી હતી કે કે, હજુ સુધી તેમની આત્મહત્યા પાછળનું કારણ બહાર આવ્યું નથી, પોલીસે હાલ અમોત દાખલ કરીને તપાસ શરુ કરી છે, તેમનો મોબાઇલ પેટર્ન લોક હોવાથી મોબાઇલ કબજે કરવામાં આવ્યો છે, હાલ અકળ કારણોસર આ બનાવ બન્યો છે. તેમના મોતથી ભાજપ વર્તુળમાં તેમજ કાઠી ક્ષત્રિય સમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગયેલ છે, અને મોટી સંખ્યામાં આગેવાનો સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

# કોઠારીયા રોડ પર લીફટનું કામ કરતા યુવકને શોક લાગતા ખાડામાં પટકાતા મોત

### સીવીલ હોસ્પિટલ સ્ટાફે મોત નિપજયા છતાં પાંચ કલાક સુધી પરિવારને જાણ ન કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



કોઠારીયા રોડ ઉપર આવેલા નંદા હોલ પાસે રહેતા સૂરેશ રામકિશોર નિશાદ (ઉ.વ.૪૧) નામનો યુવક સાડા છએક વાગ્યા આસપાસ રિલાયન્સ પમ્પની સામેની શેરીમાં આવેલા મકાનમાં લીફટનું કામ કરતો હતો ત્યારે વીજ શોક લાગતા બીજા માળેથી લિફ્ટના ખાનામાં પડી ગયો હતો. ત્યાર-બાદ તેમને ઘવાયેલી હાલતમાં સિવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવના પગલે પ્ર.નગર પોલીસનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.બાદ સાડા સાતેક કલાકે તબીબે હોસ્પિટલ ચોકીના ચોપડે ડામા જાહેર કરાવ્યું હતું. પરંતુ ત્યારે તો દર્દી મૃત્યુ પામ્યો હોવા છતાં તબીબે પાંચેક કલાક સુધી મરણ જાહેર ન કરી મૃતકના પરિવારને રઝડાવ્યા હતા તેમજ દર્દીની ફાઈલમાં કોણ સહી કરી ગયું તે તેના સગ્ગા પણ અજાણ છે. તેમજ પોલીસના રેકર્ડ પર મૃત્યુની જાણ કરી ન હતી.હાલ આ મામલે મૃતકના પરિવારે ફરીવાર નવી પ્રોસીઝર કરી હોવાનું તેના ભાઈ કાન્તા નિશાદે જણાવ્યું હતું. આ મામલે પ્ર. નગરના પીએસઆઇ જે.એમ.જાડેજા તપાસ ચલાવી રહ્યા છે. મૃતકને બે દીકરા એક દીકરી છે અને પોતે ચાર ભાઈ બે બહેનમાં મોટો હતો.

# વછરાજ ગૌશાળા પાસે ચોરાઉ વાહન સાથે વોન્ટેડ કુખ્યાત ત્રિપુટી ઝડપાઈ

### ૧.૮૫ લાખના મુદ્દામાલ સાથે એલ.સી.બી. ઝોન-૨ ટીમે કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાંથી નાસતા સ્કોવર્ડ ઝોન-૨ અને એલસીબી ઝોન-૨ ની ટીમે ત્રિપુટીને ઝડપી લીધી હતી. જેમની પુછપરછમાં જામનગરના ચિલઝડપ તથા રાજકોટમાં થયેલી બે વાહન ચોરીના બનાવનો ભેદ ઉકેલાયો છે.આરોપીઓ પ્ર.નગર અને કુવાડવાના અપહરણ તથા રાયોટીંગ મળી ચાર ગુનામાં નાસતા ફરતા હતાં. પોલીસે ત્રિપુટી પાસેથી રૂ.૧.૮૫ લાખની કિંમતના બે વાહનો કબજે કર્યા છે. શહેરમાં ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાના માર્ગદર્શનમાં નાસતા ફરતા સ્કોવર્ડના પીએસઆઈ આર.આર.કોઠીયા, એલસીબી ઝોન-૨ ના ઇન્ચાર્જ પીએસઆઇ જે.વી. ગોહિલ તથા ટીમ પેટ્રોલિંગમાં



હતી.દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના રેલનગર મેઈન રોડ પર વછરાજ ગૌશાળા પાસે ચોરાઉ વાહન સાથે ત્રિપુટીને ઝડપી લીધી હતી. જેના નામ અજય માનસિંગભાઈ પરસોંડા (ઉ.વ ૨૪ રહે. ચોટીલા), સંજય ચતુરભાઈ સોલંકી (ઉ.વ ૨૩ રહે.પીપળીયા તા. રાજકોટ) અને જયપાલ રમેશભાઈ જોગડીયા (ઉ.વ ૨૦ રહે. નાગલપર, રાજકોટ) નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી નંબર પ્લેટ વગરનું બાઈક અને સ્કૂટર સહિત ૧.૮૫ લાખના મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની પૂછતાછમાં આરોપીઓએ સવા લાખની કિંમતનું સ્પોર્ટસ બાઇક કાલાવડ રોડના વિસ્તારમાંથી ચોરી કર્યું હતું જયારે એકસેસ રેસકોર્ષ પાસેથી ઉઠાવ્યું હતું. તેમજ પ્ર.નગર પોલીસ સ્ટેશન તાલુકા પોલીસ સ્ટેશન અને જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકે લાયો હતો. આરોપીઓ સામે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં મારામારી, કુવાડવા પોલીસ સ્ટેશનમાં રાયોટ સહિત ચાર ગુના નોંધાયા હોય જે ગુનામાં આરોપીઓ નાસતા ફરતા હતા. જેને ઝડપી લેવામાં આવ્યા છે.આરોપીઓ પૈકી અજય પરસોંડા સામે રાજકોટના પ્ર.નગર, ગાંધીગ્રામ, આજીડેમ, ભક્તિનગર તથા જામનગર સિટી એ ડિવિઝન, મોરબી સિટી સહિતના પોલીસ સ્ટેશનમાં મળી લૂંટ, મારામારી, ચોરી, જાહેરનામા ભંગ સહિત કુલ ૧૧ ગુના નોંધાઈ ચૂક્યા છે. આરોપી ચતુર સોલંકી સામે કુવાડવા પોલીસ સ્ટેશનમાં મારામારીનો ગુનો નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે.

# ઈન્સ્ટાગ્રામ મારફતે પ્રેમજાળમાં ફસાવી બદકામના ઈરાદે સગીરાને ઉઠાવી જનાર વિધર્મી શખ્સ ઝડપાયો

### અપહરણ, એટ્રોસિટીનો ગુનો નોંધી પોલીસે રાતોરાત દબોચી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ એક વિસ્તારમાં રહેતા મહિલાએ તેની ૧૪ વર્ષીય દીકરીના અપહરણ અંગે વિધર્મી શખ્સ સામે યુનીવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધવી હતી બદકામના ઈરાદે દીકરીને ઉઠાવી જનાર શખ્સને પકડવા પોલીસે ભીંસ વધારતા તે શખ્સ દીકરીને તેના બહેનના ઘરે જ મૂકીને નાસી જતા પોલીસે દીકરીનો કબજો મેળવી આરોપીને પણ રાતોરાત દબોચી લઈ સગીરા સાથે કઈ અજુગતું થયું છે કે કેમ તે જાણવા તપાસ હાથ ધરી છે.



આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં રહેતા ૪૨ વર્ષીય મહિલાએ તેની ૧૪ વર્ષની દીકરીના અપહરણ અંગે તૌકીર રહેમાનભાઈ

ભાડુલા સામે અપહરણ, એટ્રોસિટી સહિતની કલમો હેઠળ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રવિવારે સવારે હું ઘરે હતી ત્યારે દસેક વાગ્યે દીકરી ઘર બહાર નીકળ્યા પછી બપોર સુધી પરત ઘરે નહી આવતા અમે શોધખોળ શરુ કરી હતી પરંતુ કોઈ પતો લાગ્યો ન હતો જેથી તુરંત અમે યુનીવર્સીટી પોલીસ સ્ટેશને પહોચ્યા હતા અને દીકરી ગૂમ થઈ ગયાની જાણ કરતા પીઆઈ એચ એન પટેલ અને ટીમે સીસીટીવી આધારે તપાસ આરંભી હતી બીજી તરફ સગીરાને ભગાડી જનાર તૌકીરને પોતાને પોલીસ શોધતી હોવાની જાણ થતા જતા પોલીસ પકડે તે પૂર્વે સગીરાને તેના બહેન-બનેવીના ઘરે મૂકીને ભાગી ગયો હતો સગીરા અંગે તેણીના બહેને દીકરીના પરિવારને જાણ કરતા તુરંત પોલીસ અને પરિવારજનો પહોચ્યા હતા અને દીકરીને મૂક્ત કરાવી હતી પોલીસે સગીરાની પૂછતાછ કરતા તેણીએ એવી કબુલાત આપી હતી કે ચારેક માસથી તૌકીરે ઈન્સ્ટાગ્રામ મારફત સંપર્ક થયો હતો તે પછી બંને વાતચીત કરતા હતા દુષ્કર્મના ઈરાદે પોતે ભગાડી ગયો હતો અને તેના મિત્રની ઓફિસે લઇ ગયો હતો પરંતુ પોલીસની ભીંસ વધી જતા મૂકીને ભાગી ગયો હતો જો કે પોલીસે રાતોરાત તૌકીરને દબોચી લીધો હતો સગીરા સાથે કોઈ બળજબરી થઇ છે કે કેમ તે જાણવા ડીવાયએસપી ચિંતન પટેલે તપાસ હાથ ધરી છે.